ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ- 2428/06/2024** **તા.15-06-2024**

## લોકસભા ચૂંટણીમા ભવ્ય જીત બદલ નવસારી ખાતે કેન્દ્રીયમંત્રીશ્રી અને પ્રદેશ અધ્યક્ષ તેમજ સાંસદ સી.આર.પાટીલજીની ઉપસ્થિતમા કાર્યર્તાઓનો આભાર દર્શન કાર્યક્રમ યોજાયો.

----

## આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની કેબિનેટમાં સ્થાન મળવા નસીબ અને ખૂબ મહેનતથી કામ કરવુ પડે અને મારી જે મહેનત છે તે કાર્યકર્તાઓની છે તમારા પ્રતિ સ્વરૂપે આ ફળ મને મળ્યુ છે તે બદલ આ ફળ પણ તમને સમર્પિત કરુ છું. – શ્રી સી.આર.પાટીલ

----

## ગુજરાત લોકસભામા બનાસકાંઠાની બેઠક ગુમાવવાનુ દુખ છે અને આ બેઠકના નુકશાન બદલ ગુજરાતના દરેક કાર્યકર્તાઓ પાસે માફી પણ માગુ છું.- શ્રી સી.આર.પાટીલ

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, ગુજરાત અને દેશમા લોકસભા ચૂંટણીમા ભાજપાનો ભવ્ય વિજય થયો તે બદલ કાર્યકર્તાઓનો આભાર દર્શન કાર્યક્રમ નવસારી ખાતે યોજાયો જેમા નવસારીના લોકપ્રિય સાંસદ ,પેજ સમિતિના પ્રણેતા એવા ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ તેમજ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની કેબિનેટ ટીમમા જેમને જળશક્તિમંત્રી તરીકેની જવાબદારી મળી છે તેવા યશસ્વી શ્રી સી.આર.પાટીલજી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમા જીલ્લાના પ્રમુખશ્રી ભુરાભાઇ શાહે સ્વાગત પ્રવચન કર્યુ હતું. આ કાર્યક્રમમા કાર્યકર્તાઓનો વિશેષ આભાર વ્યકત કરવા શ્રી સી.આર.પાટીલજીએ રિમોટ કંન્ટ્રોલ દ્વારા કાર્યકર્તાઓ પર પુષ્પ વર્ષા કરી હતી.

કેન્દ્રીયમંત્રી અને પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ કાર્યકર્તાઓ તેમજ મતદારોનો આભાર વ્યકત કરતા જણાવ્યું કે, હું પણ ભાજપનો કાર્યકર્તા જ છું અને કાર્યકર્તા જ રહિશ તેવી ખાતરી આપુ છું. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની કેબિનેટમા સ્થાન મળવા નસીબ અને ખૂબ મહેનતથી કામ કરવુ પડે. આજે મહેનત કાર્યકર્તાઓની છે તમારા પ્રતિ સ્વરૂપે ફળ મને મળ્યું છે તે બદલ આ ફળ પણ તમને સમર્પિત કરુ છું. હું મંત્રી નથી પણ કાર્યકર્તા બધા મંત્રી છે. વિધાનસભા અને લોકસભામા ભાજપે ભવ્ય વિજય મેળવ્યો છે તેનો શ્રેય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ,દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબ તેમજ મતદારો અને કાર્યકર્તાઓને જાય છે. ચૂંટણીમા મતદારોએ ભાજપના ઉમેદવારોને જંગી મતો આપ્યા તે બદલ મતદારોનો આભાર વ્યકત કરુ છું.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

શ્રી પાટીલજીએ વધુમા જણાવ્યું કે, વિજયના એક માત્ર લક્ષ્ય સાથે ભાજપનો કાર્યકર્તા હમેંશા ચૂંટણીમા કામ કરે છે. મારી પાસે જાદુઇ લાકડી નથી પણ સંગઠનની શક્તિ છે. મોદી સાહેબની લોકપ્રિયતા અને શ્રી અમિતભાઇ શાહ સાહેબના માર્ગદર્શન હેઠળ ભાજપા જીતતુ આવ્યું છે. લોકસભા ચૂંટણીમા આ વખતે ભાજપને સૌથી વધુ મતો મળ્યા છે. આ વખતે સુરત લોકસભા બેઠક બિનહરીફ થઇ તે એક નવો રેકોર્ડ છે. ગુજરાતમા લોકસભા તમામ 26 બેઠકો આપણે 2 વખત જીતતા આવ્યા હતા પરંતુ આ વખતે એક બેઠક ઓછી મળી છે. બનાસકાંઠા બેઠક ગુમાવવાનુ દુખ છે, જીત મળે ત્યારે અધ્યક્ષ તરીકે જશ મને મળે તો અપજશ સ્વીકારવાની જવાબદારી પણ મારી છે અને આજે ગુજરાતના દરેક કાર્યકર્તાઓ પાસે માફી પણ માગુ છું. નવસારી લોકસભામા જંગી મત સાથે ભાજપનો વિજય થયો છે આ જીત મેળવવા જે કામ થયુ છે તે કાર્યકર્તાઓની મહેનતને કારણે મળ્યુ છે.

રાજયનામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સંબોધન કરતા જણાવ્યુ કે, લોકસભા ચૂંટણીમા ફરી વખત નવસારીના લોકપ્રિય સાંસદ શ્રી સી.આર.પાટીલજી ચૂંટાઇ આવ્યા છે ત્યારે દરેક કાર્યકર્તાઓને વંદન કે તેમને શ્રી સી.આર.પાટીલજીને સમર્થન આપ્યુ છે. જળશક્તિ વિભાગ એ ખૂબ મહત્વનુ છે આ વિભાગની જવાબદારી શ્રી સી.આર.પાટીલજીને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આપી છે. શ્રી સી.આર.પાટીલજી જળશક્તિ વિભાગને વિવિધ કાર્યોથી ખૂબ આગળ લઇ જાય તેવી શુભકામના.

આ કાર્યક્રમમા નવસારી જીલ્લા પ્રમુખ શ્રી ભુરાભાઈ શાહ, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી જનકભાઈ બગદાણા, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી કનુભાઈ દેસાઈ, સાંસદ શ્રી ધવલભાઈ પટેલ, પ્રદેશ મંત્રી શ્રીમતી શીતલબેન સોની, સુરત શહેર ના પ્રમુખ શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી પરેશભાઈ દેસાઈ, પ્રભારી શ્રી મહેન્દ્રભાઈ પટેલ, ધારાસભ્યશ્રીઓ શ્રી આર. સી. પટેલ, શ્રી નરેશભાઈ પટેલ, શ્રી સંદીપભાઈ દેસાઈ, શ્રી રાકેશભાઈ દેસાઈ, શ્રી ભરતભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, જિલ્લા મહામંત્રીશ્રીઓ તેમજ પદાધિકારીશ્રીઓ સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)